# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો

## લોકો માટેના કલ્યાણકારી કાર્યોને કારણે, રાજ્યોમાં NDA સરકારો બની રહી છે, જ્યારે વિપક્ષ, જાહેર મુદ્દાઓથી વિચલિત થઈને, EVM અને મતદાર યાદી પર દોષારોપણ કરવામાં વ્યસ્ત છે










## ૭૦થી વધુ દેશોમાં રમતગમત ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રમતગમત પ્રત્યે ઉત્સાહ અને અન્ય સુવિધાઓની સરખામણી કર્યા પછી, ભારતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે યજમાનીના અધિકારો એનાયત કરવામાં આવ્યા

કમલમ્,

કેન્દ્રીય ગૃહઅને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ૧૫૦૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમના સંબોધનમાં, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વહેઠળ, દેશે મજબૂત રાષ્ટ્રીય સુરક્ષા, મજબૂત અર્થતંત્ર, ગરીબી નિવારણ, ગરીબો માટે સુવિધાઓમાં વધારો, ગામડાઓ અને શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નો વિકાસ, ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાપિત કરવું, યુવાનો માટે અસંખ્ય રોજગાર અને વ્યવસાય યોજનાઓ, સિંચાઈ ક્ષેત્રમાં લગભગ બમણો વધારો, અનાજનું ઉત્પાદન બમણું કરવું, એમએસપી પર ખરીદીમાં ત્રણ ગણો વધારો અને વિશ્વ મંચ પર ભારતનું વધતું કદ જેવી મુખ્ય સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમણે કહ્યું કે આ બધાના પરિણામે, આપણી સભ્યતા, સંસ્કૃતિ અને સનાતન ધર્મ આજે સમગ્ર વિશ્વમાં માન્યતા અને આદર મેળવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે આનો શ્રેય મોદીજીના નેતૃત્વને પણ જાય છે. અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ને ભવ્ય સફળતા અપાવવાનો સંકલ્પ લેવા હાકલ કરતા, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે જ્યારે શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ગુજરાતે જ દેશમાં સૌપ્રથમ "ખેલો ગુજરાત"ની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે "ખેલો ગુજરાત"નો ઉદ્દેશ્ય યુવાનો વ્યસન, આળસ અને ખરાબ સંગતથી દૂર રહે, રમતગમતમાં તેમની ભાગીદારી વધે અને જીવનમાં પ્રગતિના માર્ગે આગળ વધે તે સુનિશ્ચિત કરવાનો હતો. તેમણે ઉમેર્યું કે "ખેલો ગુજરાત" થી શરૂ થયેલી યાત્રા હવે "ખેલો ઈન્ડિયા" સુધી પહોંચી ગઈ છે, અને આજે દેશના દરેક રાજ્યમાં રમતગમતને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે અમદાવાદ શહેરમાં અસંખ્ય આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વિકસાવવામાં આવ્યા છે. તમામ આંતરરાષ્ટ્રીય સ્તરની રમતો અને કોચિંગ માટે ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદમાં, જો કોઈને રમવું હોય, તો હવે તેમના ઘરથી પાંચ કિલોમીટરના ત્રિજ્યામાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું કે તેમના સંસદીય મતવિસ્તારમાં, અગાઉ બ્રિજ અને ઓવરબ્રિજની નીચે માત્ર ગંદકી અને અંધારું રહેતું હતું, પરંતુ હવે નાના અને સુંદર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, લાઈબ્રેરીઓ, યોગ સુવિધાઓ અને ઓપન જિમ બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશમાંથી લોકોએ ઉપલબ્ધ જગ્યાનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવા માટે અમદાવાદ આવવું જોઈએ. શ્રી શાહે જણાવ્યું કે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ — નરેન્દ્ર મોદી સ્ટેડિયમ — મોટેરામાં છે, અને તેની બાજુમાં, તેનાથી પણ વધુ ભવ્ય સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવના નિર્માણનું કાર્ય શરૂ થઈ ગયું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ૭૦થી વધુ દેશોમાં રમતગમતની સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યુવાનોની રમતગમતમાં ભાગીદારી અને રહેઠાણની વ્યવસ્થાઓની સરખામણી કર્યા પછી, ભારતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની માટે પસંદ કરવામાં આવ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે ૨૦૨૯માં, વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ અમદાવાદમાં યોજાશે. તેમણે કહ્યું કે શહેરમાં ૧૩ આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. શ્રી શાહે એમ પણ કહ્યું કે અમદાવાદ ને ૨૦૩૬ના ઓલિમ્પિક ગેમ્સની યજમાનીના અધિકારો મળવાની પ્રબળ સંભાવના છે. તેમણે જણાવ્યું કે અમદાવાદ વિશ્વના સ્પોર્ટ્સ મેપ પર અગ્રણી સ્થાન પ્રાપ્ત કરશે. શ્રી શાહે ઉમેર્યું કે કોમનવેલ્થ અને ઓલિમ્પિક્સ પછી, આ તમામ રમતગમત સુવિધાઓ, સ્ટેડિયમો, કોચિંગ સેન્ટરો અને હોસ્ટેલો નકામી નહીં જાય; તેના બદલે, અમદાવાદ દરેક રમત માટે સર્વશ્રેષ્ઠ વૈશ્વિક તાલીમ કેન્દ્ર બનશે. વિકાસની આ શ્રેણીમાં, આજે અમદાવાદમાં ત્રણ સ્થળોએ નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના શિલાન્યાસ સમારોહ યોજાયા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું કે ૧,૫૦૦ કરોડના વિકાસ કાર્યો હેઠળ, ૨૬ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, ૩૦ કરોડના કામોનો શુભારંભ કરવામાં આવ્યો, અને બે હાઉસિંગ પ્રોજેક્ટ ફાળવણીના ડ્રો હાથ ધરવામાં આવ્યા - આ રીતે એક જ પ્લેટફોર્મ પરથી કુલ ૫૮ કાર્યો કરવામાં આવ્યા. તેમણે કહ્યું કે વિકાસનું કોઈ પણ પરિમાણ અછૂતું રહ્યું નથી. શ્રી શાહે એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી વિકાસની યાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પૂરી ઝડપ અને સમર્પણ સાથે આગળ ધપાવી છે. શ્રી અમિત શાહે કહ્યું કે આજે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ગુજરાતમાં બની રહ્યો છે. એશિયાનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ સિટી ધોલેરામાં વિકસાવવામાં આવી રહ્યું છે. ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસવે, 'સુરત—ચેન્નઈ એક્સપ્રેસવે,' ગુજરાતમાંથી શરૂ થાય છે. ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર — ગિફ્ટ સિટી — આપણા ગુજરાતમાં છે. દેશની પ્રથમ બુલેટ ટ્રેન, 'અમદાવાદ—મુંબઈ' માર્ગ, ગુજરાતમાંથી શરૂ થશે. 'ભુજથી અમદાવાદ' સુધીની પ્રથમ નમો રેપિડ રેલ સેવા પણ ગુજરાતમાં કાર્યરત થશે. તેમણે કહ્યું કે ગુજરાત દિવસ-પ્રતિદિવસ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. શ્રી શાહે ઉમેર્યું કે કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું નેતૃત્વ, સાથે ગુજરાતમાં શ્રી ભૂપેન્દ્ર પટેલ અને શ્રી હર્ષ સંઘવીએ રાજ્યને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીથી આજ સુધીનો સમય અમારી પાર્ટી માટે સતત જીતનો રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં સતત ત્રીજી વખત, અમારા નેતા શ્રી નરેન્દ્ર મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા છે. તેમણે કહ્યું કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં ઘણા દાયકાઓ પછી, જો કોઈ નેતાએ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવાનો રેકોર્ડ બનાવ્યો હોય, તો તે આપણા આદરણીય નેતા શ્રી નરેન્દ્ર મોદી છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર, હરિયાણા, દિલ્હી અને બિહારમાં પણ વિપક્ષી પાર્ટી સંપૂર્ણપણે સાફ થઈ ગઈ. બિહારમાં અમારી પાર્ટી અને અમારા ગઠબંધને બે-તૃતીયાંશ બહુમતી સાથે સરકાર બનાવી. તેમણે કહ્યું કે લોકો માટેના કલ્યાણકારી કાર્યોને કારણે, રાજ્યોમાં NDA સરકારો બની રહી છે, જ્યારે વિપક્ષ, જાહેર મુદ્દાઓથી વિચલિત થઈને, ઈવીએમ અને મતદાર યાદી પર દોષારોપણ કરવામાં વ્યસ્ત છે. શ્રી શાહે કહ્યું કે ન તો ઈવીએમ ખામીયુક્ત છે, ન તો મતદાર યાદી ખામીયુક્ત છે. સત્ય એ છે કે દેશની જનતા વિપક્ષી પાર્ટી અને વિપક્ષના ગઠબંધન ભાગીદારોને સ્વીકારી રહી નથી, અને આજ તેમની વારંવારની હારનું વાસ્તવિક કારણ છે. શ્રી અમિત શાહે કહ્યું કે બિહાર પછી હવે બંગાળ અને તમિલનાડુમાં પણ અમારી પાર્ટી અને અમારા ગઠબંધનનો સમય આવી રહ્યો છે. તેમણે કહ્યું કે મોદીજીના નેતૃત્વ હેઠળ, સમગ્ર દેશમાં વિકાસ થઈ રહ્યો છે, દરેક ક્ષેત્ર પ્રગતિ કરી રહ્યું છે, અને રાષ્ટ્રના લોકોએ ભારતને એક મહાન વૈશ્વિક શક્તિ બનાવવાનો સંકલ્પ સ્વીકારી લીધો છે. શ્રી શાહે કહ્યું કે વિપક્ષી ગઠબંધન પાસે ન તો કોઈ નેતા છે, ન કોઈ નીતિ — તે માત્ર અહંકાર અને ઘમંડથી ભરેલું ગઠબંધન છે. દેશના કોઈપણ ખૂણામાં તેને જનતાનો સ્વીકાર મળી રહ્યો નથી. તેમણે કહ્યું કે એકવાર પરિણામો આવશે, પછી વિપક્ષ બંગાળ અને તમિલનાડુમાં પણ સમાપ્ત થઈ જશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ ૨૦૧૯માં અયોધ્યામાં રામ મંદિરનો શિલાન્યાસ કર્યો, ૨૦૨૪માં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ કર્યો, અને ૨૦૨૫માં ભગવો ધ્વજ ફરકાવીને 'જય શ્રી રામ'ના ઘોષ સાથે સમગ્ર કાર્ય પૂર્ણ કર્યું. તેમણે કહ્યું કે અયોધ્યામાં એક ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું છે, અને જે સ્થળે માતા સીતાનો જન્મ થયો હતો, ત્યાં શ્રી નીતિશ કુમાર અને મેં ચાર મહિના પહેલાં માતા સીતાના મંદિરનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે કહ્યું કે ૨૦૨૬ સુધીમાં ત્યાં પણ ભગવો ધ્વજ ફરકાવવામાં આવશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે આજે સશસ્ત્ર સેના ઝંડા દિવસ છે. આ દિવસ આપણી આર્મી, નેવી અને એરફોર્સના બહાદુર સૈનિકોનું સન્માન કરવાનો છે, જેઓ સતત દેશની જમીન, સમુદ્ર અને હવાઈ સીમાઓનું રક્ષણ કરે છે. નિવૃત્તિ પછી તેમના કલ્યાણ માટે યોગદાન આપવાનો પણ આ દિવસ છે. તેમણે કહ્યું કે આ પવિત્ર અવસર પર, સ્વતંત્રતાથી લઈને આજ સુધી મા ભારતીની રક્ષા કરતા સર્વોચ્ચ બલિદાન આપનાર તમામ સૈનિકોને તેઓ હૃદયપૂર્વક વંદન કરે છે અને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. શ્રી અમિત શાહે કહ્યું કે અમે ગાંધીનગર લોકસભા મતવિસ્તારને સમગ્ર દેશમાં સૌથી વધુ વિકસિત ક્ષેત્ર બનાવવાની સંકલ્પ સાથે કામ કરી રહ્યા છીએ. તેમણે ગાંધીનગર લોકસભા મતવિસ્તારની જનતાને સંકલ્પ લેવા જણાવ્યું કે ચોમાસા દરમિયાન, દરેક સોસાયટીએ ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૫૦ વૃક્ષો વાવવા જોઈએ, જેથી 'ગ્રીન ગાંધીનગર લોકસભા મતવિસ્તાર'ની પહેલ શરૂ કરી શકાય. શ્રી શાહે કહ્યું કે વૃક્ષારોપણ આપણી ભાવિ પેઢીઓ માટે અત્યંત આવશ્યક છે. સ્વચ્છ હવા, સહન કરી શકાય તેવી ગરમી, પક્ષીઓનો કલરવ અને તણાવમુક્ત વાતાવરણ સુનિશ્ચિત કરવાનો એકમાત્ર રસ્તો વૃક્ષો વાવવાનો છે. તેમણે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષોમાં, ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ગ્રીન વિસ્તારમાં ૧૩.૬ ટકાનો વધારો થયો છે, પરંતુ આપણે આનાથી સંતુષ્ટ થવું જોઈએ નહીં. અમે સુનિશ્ચિત કરીશું કે દરેક સોસાયટી ૫ થી ૫૦ વૃક્ષો વાવે અને તેમને પાણી આપવાની જવાબદારી યુવાનોને સોંપવામાં આવે.

## મુખ્યમંત્રીશ્રીના અદ્યક્ષસ્થાને ગાંધીનગરમાં GRITની ગવર્નિંગ બોડીની બીજી બેઠક સંપન્ન







**વિકસિત ગુજરાત @2047 અને ગુજરાત @2035નો રોડ મેપ સાકાર કરવામાં GRIT મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે ગુજરાતરાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન- GRITની બીજી ગવર્નિંગ બોડીના અધ્યક્ષસ્થાનેથી સ્પષ્ટપણે જણાવ્યું કે, GRIT વિકસિતગુજરાત @2047 અને ગુજરાત @2035 નો રોડ મેપ સાકાર કરવામાં મહત્વપુર્ણ ભૂમિકા નિભાવશે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, GRIT દ્વારા વિભાગોના અને વિવિધ યોજનાઓના રોજબરોજના કામોના ડેટા ઉપલબ્ધ થઈ ગયા છે. તેના અસરકારક અમલીકરણ અને કામોને વધુ ગતિ આપવા આ ડેટા મહત્વપૂર્ણ બનશે. આના પરિણામે વિકસિત ગુજરાત @ 2047 ગુજરાત @2035 માટે જે વિભાગો પર વધુ ફોકસ કરવાની જરૂરિયાત છે. તે જાણીને એ દિશામાં આગળ વધી શકાશે. વિકસિત ગુજરાત @2047 ના નિર્માણ માટે ભવિષ્યલક્ષી વિકાસ આયોજનમાં થિંક ટેક તરીકે માર્ગદર્શન માટે GRITની રચના કરવામાં આવેલી છે. તેની બીજી ગવર્નિંગ બોડીની બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠક પહેલાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં વિકસિત ગુજરાત સ્ટ્રેટેજી રૂમનું લોકાર્પણ GRIT ની કચેરીમાં કર્યું હતું. આ સ્ટ્રેટેજી રૂમમાં વિકસિત ગુજરાત @2047 ના લક્ષ્યોની પ્રાપ્તિ માટેની થઈ રહેલ વિવિધ કામગીરીઓ અને પ્રગતિનુ એનાલિસિસ તથા યોજનાઓના અમલીકરણનું મૂલ્યાંકન અને કી પર્ફોર્મન્સ ઈન્ડિકેટર– કે.પી.આઈ. ડેટા ટ્રેકિંગ સહિતની બહુવિધ કામગીરી હાથ ધરાશે. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓએ સ્ટ્રેટેજી રૂમમાં ઉપલબ્ધ ડિજિટલ ડેશ બોર્ડ, લાઈબ્રેરી, પોડકાસ્ટ એરિયા તથા સંશોધન અને વિશ્લેષણની ઉપલબ્ધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ પણ કર્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીએ આયોજન પ્રભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા રાજ્યના જિલ્લાઓના ડિસ્ટ્રિક્ટ ડોમેસ્ટિક પ્રોડક્ટ એસ્ટીમેટ્સનું વિમોચન પણ કર્યું હતું. આયોજન પ્રભાગે કરેલી આ નવતર પહેલથી હવે, બધા જ ઈન્ડિકેટર્સમાં ઈફેક્ટિવ લોકલ ડેવલપમેન્ટ પ્લાનિંગ તથા ઈન્ક્લુઝિવ અને સસ્ટેનેબલ ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ માટે પોલિસી મેકર્સને વધુ સરળતા રહેશે. GRITના સી.ઈ.ઓ. શ્રી એસ.અપર્ણાએ આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા GRITની રચના, ૨૦૨૫ના વર્ષમાં હાથ ધરાયેલા કામો, વિવિધ આયોજનો - વિકાસ કામોના અસરકારક અમલ માટેના સૂચનો તથા આગામી ૨૦૨૬ ના વર્ષના આયોજન પ્રસ્તુત કર્યા હતા. તેમણે ૨૦૪૭ સુધીમાં રાજ્યની ઈકોનોમીને ૪ ટ્રીલીયન ડોલર પહોંચાડવા તથા ૨૮૦ લાખ નવી રોજગારી સર્જન માટે રિજીયોનલ ઈકોનોમિક માસ્ટર પ્લાનની તૈયારીઓના આયોજનની વિગતો આપી હતી.

આ ઉપરાંત એજ્યુકેશન, ફિશરીઝ, પોસ્ટ હાર્વેસ્ટિંગ મેનેજમેન્ટ, બ્લુ સ્કાય પોલિસી, ગ્રીન મેન્યુફેક્ચરિંગ અને સ્પાટિયલ કોમ્પ્યુટિંગ જેવા વિષયો પર રીવ્યુઝ, પોલીસી પેપર્સ, અભ્યાસ અને વર્કશોપના ૧૯ પ્રકાશનો તથા ટાસ્કફોર્સ કમિટીના ૩ અમલીકરણ સમીક્ષા અહેવાલોની ભલામણોના તારણો અને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ગુજરાત @2035 માટે સ્ટેટ એજન્ડા તૈયાર કરવામાં પણ ગ્રીટની ભૂમિકા સહિતની સંપુર્ણ વિગતો આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રચના થયાના ૧૫ મહિનાના ટૂંકા સમયમાં જ GRIT ભવિષ્યલક્ષી થિંક ટેંક તરીકે ઉભરી આવ્યું છે તે માટે યુવા અને ઉત્સાહી ટીમની પ્રસંશા કરી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ GRIT ના આ ડેટાની વિગતોનું ઈન્ટિગ્રેશન કરીને આગામી બજેટ તૈયાર કરવામાં વિભાગો ઉપયોગમાં લઈ શકે તેવો સુજાવ આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ફોરવર્ડ લુકિંગ પોલિસી રિસર્ચ, ઈનોવેશન અને ટ્રાન્સફોર્મેશનલ ગવર્નન્સ માટે GRITને વધુ સક્ષમ અને પ્રિમિયર ઈન્સ્ટીટ્યુટ તરીકે પ્રસ્થાપિત કરવાની દર્શાવેલી પ્રતિબદ્ધતાને ગવર્નિંગ બોડીની આ બીજી બેઠકમાં સૌ સભ્યોએ બિરદાવી હતી. મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડો. હસમુખ અઢિયા, નાણા વિભાગના અગ્ર સચિવ શ્રી રાજીવ ટોપનો અને મુખ્યમંત્રીશ્રીના સચિવ ડો.વિક્રાંત પાંડે તથા આયોજન સચિવ શ્રીમતિ આદ્રા અગ્રવાલ સહિત વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

## સશસ્ત્ર સેના ધ્વજ દિને ફાળો અર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

**દેશની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનારા વીર જવાનોના પરિવારોના કલ્યાણ માટે ફાળો આપી કૃતજ્ઞતા પ્રગટ કરી**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે ફાળો અર્પણ કરીને આપણા દેશની સરહદો સાચવતા અને માતૃભૂમિની રક્ષા કરતા વીર સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. દેશની રક્ષા માટે સમર્પિત થઈને પોતાના પ્રાણનું બલિદાન આપી વીરગતિને વરેલા સેના અને સશસ્ત્ર દળોના કર્તવ્યનિષ્ઠ જવાનોના પરિવારોના કલ્યાણ માટે સાતમી ડિસેમ્બરે આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સૌ કોઈ સ્વૈચ્છિક ફાળો - દાન અર્પણ કરીને તેમની સેવાઓનો ઋણ સ્વીકાર કરે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ હેતુસર સશસ્ત્ર સેના ધ્વજ દિવસે પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. આ વેળાએ સૈનિક કલ્યાણ અને પુનર્વસન બોર્ડના લેફ્ટનન્ટ કર્નલ (નિવૃત્ત) શ્રી ક્રિષ્ણદિપ સિંહ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028